dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC

VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

June 2012 | For private circulation only | Vol. 04 - Issue 83-84

What do I want to take home from my summer vacation ? Time. The wonderful luxury of being at rest. The days when you shut down the mental machinery that keeps life on track and let life simply wander. The days when you stop planning, analyzing, thinking and just are. Summer is my period of grace.

**- Ellen Goodman**

## દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

....આજે રજાઓ પૂરી થઈ ! આપણે કેટલું બધું ભણાવ્યું અને વિદ્યાર્થીઓ કેટલું બધું ભણ્યા. કાળા પાટિયા, ચોક અને ડસ્ટરથી મુકિત મળ્યાનો અહેસાસ કેટલાકને થયો હશે તો દફતરના ભારથી અને શિક્ષકના મારથી કેટલાક વિદ્યાર્થીઓના ખભા રજાઓ દરમિયાન થોડાક હળવા થયા હશે. કેળવણીની કેડી થોડી સૂની થઈ હશે. પણ રજાઓ પૂર્ણ થતાં જ હવે કોલેજનાં કલાસરૂમનાં તાળાં ફરીથી ખૂલશે. વર્ગ ભરેલા કલશોરથી ફરી વાતાવરણ ગૂંજી ઉઠશે. મિત્રો સાથેની ગોષ્ઠીઓનો દોર પાછો શરૂ થશે. નાસ્તાના ડબ્બાઓમાંથી ભૂખ જાગશે. શાળાનાં ઘંટનો રણકાર જ્ઞાન આરાધનાની છડી પોકારશે. રીક્ષાવાળા અંકલ સાથે બાળકો ગપસપ કરશે. કબાટમાંથી સ્કુલ ડ્રેસ બહાર નીકળશે. રંગબેરંગી પતંગિયાઓ કાઈનેટિક-બાઈક ઉપર આમથી તેમ ઉડાઉડ કરવા લાગશે. મમ્મીઓનો થોડોક આરામ ઝૂંટવાશે. રજીસ્ટર પરની ધૂળ ખંખેરાશે. કયાંક એડમિશનનો પરસેવો હજી વાતાવરણમાં આછો પાતળો સચવાયેલો હશે. શાળા કોલેજોની લકવાગ્રસ્ત દિવાલોમાં સંચાર થશે. અભ્યાસક્રમ અને ટાઈમ ટેબલની સ્ટાફ રૂમમાં ચર્ચાઓ જામશે. વિદ્યાર્થીઓના મધમીઠા મુખમાંથી 'સર' અને 'મેડમ' એવા શબ્દો ફૂટવા લાગશે. બે પૂંઠા વચ્ચે બંધ થઈ ગયેલા ગાંધીજી, પન્નાલાલ પટેલ, ટાગોર, પ્રેમચંદ, કાલિદાસ, શેકસપિયર, સ્વામી વિવેકાનંદ, થોમસ એડિસન અને આલ્બર્ટ આઈન્સ્ટાઈન આળસ મરડીને બેઠા થશે. આવા સમયે અબ્રાહમ લિંકનનો આ પત્ર સૌ મા-બાપોને વાંચવા માટે અને જીવનમાં ઉતારવા માટે પહોંચાડી રહયો છું:

"હે જગત, મારા પુત્રને આંગળી ઝાલીને દોરજે;

આજે એણે શાળાએ જવાનો આરંભ કર્યો છે.

અત્યાર સુધી એ પોતાનો રાજા હતો, આજુબાજુનાં આંગણાંનો સરદાર હતો; વળી એની ઈચ્છાઓ સંતોષવા હું હાથવગો હતો.

પણ... હવે બધું બદલાઈ જશે. આજે સવારે એ ઘરનાં પગથિયાં ઊતરશે, હાથ હલાવશે અને મહાન સાહસનો આરંભ કરશે. એ સાહસમાં કદાચ યુદ્ધો, કરુણ ઘટનાઓ અને વેદનાઓનો પણ સમાવેશ હશે.

આ જગતમાં વસવા માટે શ્રદ્ધા, પ્રેમ અને હિંમત જોઈએ. એથી હે જગત, તું તેની કુમળી આંગળી પકડીને દોરજે અને જાણવા જેવું બધું જ શીખવજે. બની શકે તો આ બધા પાઠ મૃદુતાથી શીખવજે.

એણે બધું શીખવું તો પડશે. હું જાણું છું કે દુનિયામાં બધા જ માણસો ન્યાયી નથી હોતા કે સાચા નથી હોતા. પણ એને શીખવજે કે એક બાજુ દુષ્ટ લોકો છે, તો બીજી બાજુ સંત લોકો પણ છે. પ્રપંચી રાજકારણીઓ છે, તો સેવાભાવી સજ્જનો પણ છે, જે જગતની સમતુલા જાળવી રાખે છે અને દુશ્મનો પણ મિત્રો બને છે ખરા, ભલે તેમાં વાર લાગે.

એને એ પણ શીખવજે કે મહેનતથી કમાયેલો એક ડૉલર મફત મળેલા પાંચ ડૉલર કરતાં વધારે મૂલ્યવાન છે. હાર જીરવવાનું એને શીખવજે, પણ જીતવામાં કેવી મજા છે તે પણ એને શીખવજે. અદેખાઈથી એને અળગો રાખજે, સ્મિતનું મૂલ્ય એને સમજાવજે.

પુસ્તકોની અદ્‌ભુત દુનિયાનાં એને દર્શન કરાવજે. આકાશમાં ઊડતાં પંખીઓ, સૂર્યના પ્રકાશમાં ગુંજારવ કરતી મધમાખીઓ, લીલા ડુંગરા પર ખીલેલાં પુષ્પોનું સનાતન રહસ્ય શોધવા એને થોડોક નિરાંતનો સમય આપજે.

એને શીખવજે કે ચોરી કરીને પાસ થવા કરતાં નાપાસ થવામાં વધારે પ્રતિષ્ઠા છે.

ભલે બીજા બધા એને ખોટો કહે તોપણ એને પોતાના વિચારો પર વિશ્વાસ રાખવાનું શીખવજે. સજ્જન સાથે સજ્જન અને દુર્જન સામે અણનમ રહેતાં શીખવજે. સૌનું ભલે એ સાંભળે, પણ જે સાંભળ્યું હોય તેને વિવેકપૂર્વક સમજી જે સાચું હોય તે સ્વીકારતાં એને આવડવું જોઈએ.

બીજાઓ જયારે પવન પ્રમાણે પીઠ બદલે ત્યારે ટોળાંને અનુસરવાને બદલે એ એકલો પોતાને માર્ગે જઈ શકે એ માટે એને બળ આપજે.

દુ:ખ હોય ત્યારે એને હસવાનું શીખવજે, પણ રડવામાં શરમાવાપણું નથી તે પણ એને કહેજે. મીઠાશથી સાંભળવાનું ને કડવાશથી ન અકળાવાનું એને શીખવજે. આત્મા અને હૃદયનાં દ્વાર એ બંધ ન કરે તે જોજે. ટોળાંની બૂમોથી એ નમી ન પડે અને જે સાચું છે તેને માટે જીવસટોસટની લડાઈ આપતાં એ અચકાય નહીં એમ એને શીખવજે.

હે જગત, આ બધું એને મૃદુતાથી શીખવજે, પણ એને ખોટાં લાડ લડાવીશ નહીં. સુવર્ણ તો અગ્નિમાં તપીને જ શુદ્ધ બને છે.

મારી લાગણી કદાચ તને વધુ પડતી લાગે, મારી માગણી મોટી લાગે તોપણ હે જગત, તારાથી જે કાંઈ બની શકે એ બધું કરજે, કારણ કે મારો નાનકડો બહુ મજાનો દીકરો છે."

૩૦ જુન, ૨૦૧૨

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## દીપે અરુણું પરભાત

કુલપતિશ્રી ડૉ. (પ્રિ.) દક્ષેશ ઠાકરના 'દીપે અરુણું પરભાત' (વર્ષ : ૪, અંક-૮૨) ને અભિષેક પબ્લિસિટિ ગ્રુપ, સુરતના માસિક 'મેટ્રોપોલિસ'ના અંક નંબર વર્ષ : ૧, અંક : ૭, ૯ જૂન, ૨૦૧૨માં 'જ્ઞાનનો પ્રકાશ 'વેદ'થી લઈ 'વેબ' સુધી શીર્ષક અંતર્ગત પુનઃ પ્રકાશિત કરવામાં આવેલ છે.

## ગૌરવ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના કમ્પ્યૂટર સાયન્સના પ્રોફેસર એન્ડ હેડ ડૉ. અપૂર્વ દેસાઈને કમ્પ્યૂટર સાયન્સના વિષયક્ષેત્રની ઉત્કૃષ્ટ અને વિધ્વતાસભર કામગીરીની પ્રશંસા કરીને અમેરિકા સ્થિત એન્જિનિઅરિંગ અને ટેકનોલોજિકલ એજન્સી - IEEE એ IEEEના શ્રેયાન સભ્ય તરીકે નિમણૂંક કરીને બિરદાવેલ છે. IEEE એ ડૉ. અપૂર્વ દેસાઈની શ્રેયાન સભ્ય તરીકેની નિમણૂંકનો પત્ર કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરને તા. ૬-૬-૨૦૧૨ના રોજ પત્ર પાઠવીને સાદર જાણ કરેલ છે. IEEE ના શ્રેયાન સભ્ય તરીકે ફકત આઠ ટકા સભ્યો જ માન ધરાવે છે.

IEEE વિશ્વભરમાં એન્જિનિઅરિંગ અને ટેકલોનોજિના ક્ષેત્રમાં રિસર્ચ અને એજયુકેશનને સંબંધિત વિવિધ પ્રકારની કામગીરી સાથે સંલગ્ન છે.

અત્રે ઉલ્લેખનીય છે કે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં IEEE નું શ્રેયાન સભ્ય તરીકેનું માન મેળવનાર ડૉ. અપૂર્વ દેસાઇ પ્રથમ અને એકમાત્ર છે.

કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરે યુનિવર્સિટીને ગૌરવ પ્રદાન કરાવવા બદલ ડૉ. અપૂર્વ દેસાઈને પત્ર દ્વારા હાર્દિક અભિનંદન પાઠવેલ છે.

## ગુજરાતી વિભાગ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની શૈક્ષણિક જગ્યાઓ ભરવા માટે તા. ૩-૫-૨૦૧૨ના રોજ મળેલ મીટીંગમાં ચર્ચા થયેલ. ડિપાર્ટમેન્ટ ઓફ ગુજરાતીને સ્વતંત્ર વિભાગ તરીકે શરૂ કરવા મંજુરી આપવામાં આવેલ છે, તે માટે પ્રોફેસર - ૧, રીડર - ૨ અને આસીસ્ટન્ટ પ્રોફેસર-૩, ભરવા માટે વિચારણા થયેલ જેને મંજુરી આપવામાં આવેલ છે.

## એન.એસ.એસ.

ભારત સરકારના યુવા અને ખેલ મંત્રાલય દ્વારા સમય એડવાન્ચર્સ કેમ્પનું આયોજન જવાહર ઈન્સ્ટીટયુટ ઓફ માઉન્ટેનેરીંગ પટની ટોપ (જમ્મુ અને કાશ્મીર ) ખાતે તા. ૧૯/૦૬/૨૦૧૨ થી ૨૮/૦૬/૨૦૧૨ દરમ્યાન કરવામાં આવ્યું. ગુજરાતના ૧૦ સ્વયંસેવકો પૈકી યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના ૪ સ્વયંસેવકો ભાગ લીધો હતો. જેમાં યુનિવર્સીટી સંલગ્ન કોલેજો પૈકી બી. પી. બારીયા કોલેજ, નવસારીની (૧) પાયલ બી. પટેલ અને (૨) પનવી આર. છીકાની તથા બી. આર. એસ. કોલેજ, વેડછીના (૧) રવિન્દ્ર જે. મિસ્ત્રી અને (૨) હિમ્મતસિંહ આઈ. વસાવાએ ભાગ લીધો.

## શુભેચ્છા



કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર મુસ્લિમ સમાજમાં શિક્ષણના મહત્વ વિષે ૧૨ જેટલા વ્યાખ્યાન આપવા માટે ૨૧ જૂનથી ૧૦ જુલાઈ સુધી યુ.કે.ના પ્રવાસે જવાના હોવાથી તા. ૨૧-૬-૨૦૧૨ના રોજ કુલસચિવશ્રી પ્રા. જે.આર. મહેતા, યુનિવર્સિટીના વિવિધ અનુસ્નાતક વિભાગના અધ્યક્ષશ્રીઓ અને અધિકારીઓએ કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરને શુભેચ્છા આપવા માટે રૂમ નંબર ૨૦૫માં શુભેચ્છા સમારંભનું આયોજન કર્યું હતું. કુલસચિવશ્રી પ્રા. જે.આર. મહેતા અને ઉપસ્થિત સૌકોઇએ સાહેબશ્રીને પુષ્પ અર્પણ કરીને શુભેચ્છા પાઠવી હતી. કુલપતિશ્રી દક્ષેશ ઠાકરે પોતાના પ્રવચનમાં ઉપસ્થિત સર્વનો આભાર માનતાં પ્રવાસની રૂપરેખા આપી હતી.

## કાર્યકારી કુલપતિ



કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર મુસ્લિમ સમાજમાં શિક્ષણના મહત્વ વિષે ૧૨ જેટલા વ્યાખ્યાન આપવા માટે ૨૧ જૂનથી ૧૦ જુલાઈ સુધી યુ.કે.ના પ્રવાસે જવાના હોવાથી વી.ટી. ચોકસી લો કોલેજ, સુરતનાં પ્રિ. જાગૃતિબેન પટેલે તા. ૨૨-૬-૨૦૧૨ના રોજ કાર્યકારી કુલપતિશ્રીનો ચાર્જ ગ્રહણ કરેલ છે. કાર્યકારી કુલપતિશ્રી જાગૃતિબેન પટેલને આવકારવા માટે કુલસચિવશ્રી પ્રા. જે.આર. મહેતાના નેતૃત્વમાં કમ્પ્યૂટર સાયન્સના વડાશ્રી ડૉ. અપૂર્વ દેસાઈ અને અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા. અને શુભેચ્છાઓ પાઠવી હતી.

## ઓરિએન્ટેશન

રસાયણશાસ્ત્રનાં પ્રા. તરૂલતા એન. છોવાલાએ યુ.જી.સી. એકેડમીક સ્ટાફ કોલેજ, રાણી દૂર્ગાવતી યુનિવર્સિટી, જબલપુરના ઓરિએન્ટેશન કોર્સમાં તા: ૭-૫-૨૦૧૨ થી ૨-૬-૨૦૧૨ દરમ્યાન ઉપસ્થિત રહી 'એ' ગ્રેડ સાથે પૂર્ણ કરેલ છે.

## ખાતમૂહુર્ત



યુનિવર્સિટી પરિસરમાં સુરત સ્થિત પંજાબી સમાજ દ્વારા અંદાજિત રૂા. ૨૫ લાખના ખર્ચે પ્રાર્થના અને વાચનાલયનું ભૂમિપૂજન તા. ૧૭-૬-૨૦૧૨ના રોજ કુલસચિવશ્રી પ્રા. જે. આર. મહેતાના વરદ હસ્તે કરવામાં આવ્યું.



## વિદાય





વયમર્યાદાને કારણે નિવૃત્ત થતા થતા યુનિવર્સિટીના કર્મચારીઓનો વિદાય સમારંભ કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરના અધ્યક્ષ સ્થાને તા. ૧૪-૬-૨૦૧૨ના રોજ સાંજના ૫.૦૦ કલાકે યુનિવર્સિટી પરિવારની ઉપસ્થિતિમાં એસપીબી સરદાર પટેલ સેનેટ હોલમાં યોજાઈ ગયો. કુલપતિશ્રી અને કુલસચિવશ્રી તેમજ કર્મચારીઓએ પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં નિવૃત્ત થતા કર્મચારીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

નિવૃત્ત થતા કર્મચારીઓ : ૧. ડૉ. સુભદ્રા રાઘોથામન (પ્રોફેસર એન્ડ હેડ, અર્થશાસ્ત્ર અનુસ્નાતક વભાગ), ૨. ડૉ. એસ.બી. નાયક (મેડીકલ ઓફિસર, હેલ્થ સેન્ટર), ૩. શ્રીમતી કે. આઈ. પટેલ (કાર્યાલય અધિક્ષક, વહીવટી), ૪. શ્રી જે.કે. પટેલ (કાર્યાલય અધિક્ષક, સેનેટ/સિન્ડિકેટ), ૫. શ્રી ડી.એલ. પટેલ (કાર્યાલય અધિક્ષક, એસ.સી., એસ.ટી.સેલ), ૬. શ્રી ડી.એસ. બદામી (કાર્યાલય અધિક્ષક, પરીક્ષા), ૭. શ્રી ડી.આઈ. દેસાઈ (કેશીયર, હિસાબી), ૮. શ્રીમતી ડી.પી. વશી (ટેકનિકલ આસિસ્ટન્ટ, યુનિવર્સિટી ગ્રંથાલય), ૯. શ્રી એમ.એન. સોલંકી (સિનિયર કલાર્ક, યુ.જી.સી.), ૧૦. શ્રી એસ.કે. સૈયદ (જુનિયર કલાર્ક, અનુસ્નાતક વહીવટી સંકુલ), ૧૧. શ્રી એસ. ડી. પવાર (નાયક, વહીવટી), ૧૨. શ્રી એસ. એમ. મોગરીયા (પટાવાળા, યુ.ક.શા.શિ.), ૧૩. શ્રી બી.જે. પટેલ (પટાવાળા, એકેડેમિક), ૧૪ શ્રી એ.કે. ગોહિલ (પગી એટેન્ડન્ટ, અનુસ્નાતક વહીવહી સંકુલ)



## સપ્તતારા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી તથા નોલેજ કોન્સોર્શિયમ ઓફ ગુજરાતના સંયુકત ઉપક્રમે ગુજરાતમાં સૌપ્રથમવાર આયોજિત 'સપ્તતારા' કાર્યશિબિર વીર નર્મદ યુનિવર્સિટી ખાતે તા. ૧૧-૬-૨૦૧૨ થી તા. ૧૬-૬-૨૦૧૨ દરમ્યાન યોજાઈ ગયો. જેનું ઉદ્‌ઘાટન કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરના પ્રમુખ સ્થાને તા. ૧૧-૬-૨૦૧૨ના રોજ પ્રસિધ્ધ સંગીતજ્ઞ પુરુષોત્તમ ઉપાધ્યાયના હસ્તે તથા પદમશ્રી ડૉ. ઉપેન્દ્ર ત્રિવેદીના અતિથિવિશેષ પદે થયું હતું.

ગુજરાતની કોલેજો તથા યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જેમણે યુવક મહોત્સવમાં પ્રથમ કે દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે અને જેઓએ રાજ્ય કક્ષાના 'સપ્તધારા' મહોત્સવમાં પ્રથમ કે દ્વિતીય સ્થાન મેળવ્યું છે તેઓને તેમની કલાાા ક્ષેત્રમાં વિશેષ તાલીમ આપવા માટે છ દિવસનો કાર્યશિબિર વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના યજમાનપદે યોજાયો હતો. જેમાં કલા, સાહિત્યક્ષેત્રના નિષ્ણાતો પૈકી સુપ્રસિધ્ધ સંગીતકાર પુરુષોત્તમ ઉપાધ્યાય, આસિત-હેમા દેસાઈ, અભિનય સમ્રાટ ડૉ. ઉપેન્દ્ર ત્રિવેદી, નાટયવિદ પ્રવીણ સોલંકી, ગઝલકાર રાજેશ વ્યાસ, નયન દેસાઈ, સિતાંશુ યશચંદ્ર, ભગવતીકુમાર શર્મા, ડૉ. મુકુલ ચોકસી, ડૉ. રઈશ મણિયાર, સોનલ વૈદ્ય, શ્રી પરેશ રાવળ, શ્રી માર્કંડ ભટ્ટ, શ્રી રવીન્દ્ર પારેખ, ડૉ. જશુભાઈ પટેલ, ડૉ. મયંક શાહ, શ્રી નયનેશ જાની, શ્રી અનંત વ્યાસ, શ્રી રમા શ્રીકાંત, શ્રી પરિમલ ફડકે, શ્રી ભાવી મોદી, પાયલ ભટ્ટ, લિના વૈદ્ય, પલ્લવી વ્યાસ, ડૉ. સુહાસ શુકલ, શ્રી બંસરી ત્રિવેદી, શ્રી જયંત પરીખ, શ્રી મેહુલ પટેલ અને શ્રી રાજર્ષિ સમાર્ત અને સંજય છેલ દ્વારા વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ સઘન તાલીમ આપવામાં આવી હતી.

સ્વાગત પ્રવચન કુલસચિવશ્રી પ્રા. જે.આર. મહેતાએ કર્યું હતું. કાર્યશિબિરના કો-ઓર્ડિનેટર શ્રી આનંદ ભટ્ટે 'સપ્તધારા' વિષે વિસ્તૃત માહિતી આપી હતી. સ્વર સમ્રાટ પુરુષોત્તમ ઉપાધ્યાયે જણાવ્યું હતું કે 'શબ્દ બુધ્ધિની ભાષા છે, સ્વર હૃદયની ભાષા છે. સુગમ સંગીતમાંથી ભીની માટીની મહેક અનુભવાય છે. સંગીત મારો શ્વાસ છે. હું સંગીતમાં જ જીવ્યો છું. સંગીત આંખોને-હૃદયને ભીનું રાખે છે. કાગળમાં કવિતા લખી એને સ્વર આપવા માત્રથી સંગીત નિર્માણ થતું નથી. શબ્દ અને સ્વરને સમજવા પડે છે. આપણે આપણા કલાકારને સન્માન આપતાં શીખવું પડશે. ગુજરાતી સુગમ સંગીતમાં સમૃધ્ધિ છે. મને ગર્વ છે કે હું ગુજરાતી છું. ફોરેનમાં જયારે પણ પર્ફોમ કરવા જઉ છું ત્યારે લોકો મને ગુજરાતી ગઝલ ગાવા માટે વધારે ફોર્સ કરતા હોય છે.'

પદમશ્રી અભિનય સમ્રાટ ડૉ. ઉપેન્દ્ર ત્રિવેદીએ કહયું હતું કે 'આ 'સપ્તતારા' શિબિર ખાસ હેતુથી યોજવામાં આવ્યો છે. કલાની વાવણી કરવા માટેની આ શિબિર છે. હીરા જેવા યુવાન કલાકારોને પહેલ પાડવાનો આ એક ઉત્તમ ઉપક્રમ છે. આ કલાકારો અનાજથી ભરેલા ખળ જેવા છે, આ અનાજને દળવાનું નથી, એને બિયારણ તરીકે ઉપયોગમાં લેવાનું છે' કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરે કલાના આનંદને બ્રહ્માનંદ સહોદર ગણાવી કહયું હતું કે, કલા સ્પર્ધાનો વિષય નથી, કલા હૃદયનો વિષય છે.'

આ પ્રસંગે કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર સંપાદિત 'ત્વમેવ વિદ્યા' ગ્રંથનું પુરુષોત્તમ ઉપાધ્યાયના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.

આ શિબિરમાં રાજયની વિવિધ કોલેજોમાં અને યુનિવર્સિટીઓમાં વિજેતા વિદ્યાર્થીઓ તેમજ 'સપ્તધારા' કાર્યક્રમમાં વિજેતા થયેલ અઢીસો વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયા હતા. જેમને હવે પછી વિવિધ સાત દેશોમાં મોકલવાનું આયોજન થઈ રહયું છે.


નૃત્ય, સંગીત અને પેઈન્ટિંગ જેવી કળાઓમાં કુશળ થવા માટે વિદ્યાર્થીઓએ તાલીમ મેળવી હતી. ફાઈન આર્ટસ વિભાગમાં યોજાયેલા ડ્રોઈંગ ટ્રેનિંગના સેશનમાં જયંતિ પારેખે વિદ્યાર્થીઓને તાલીમ પહેલાં એક ડોકયુમેન્ટરી ફિલ્મ બતાવી હતી. યુનિવર્સિટીના ઓડિટોરિયમમાં યોજાયેલા રંગમંચના ટ્રેનિંગ સેશનમાં પ્રવીણ સોલંકીએ વિદ્યાર્થીઓને નાટકના પાઠ શીખવ્યા હતા. નૃત્ય ટ્રેનિંગમાં નૃત્યાંગના રમા શ્રીકાન્તે નૃત્યની તાલીમ આપતાં વિદ્યાર્થીઓને કહયું હતું કે, નૃત્ય એ આત્મા સાથે સંવાદ સધાવાનો સીધો રસ્તો છે. ડાન્સ ફલોર મારી જિંદગીનો હિસ્સો છે. ગઝલકાર રાજેશ વ્યાસ 'મિસ્કિન' એ વિદ્યાર્થીઓને ગઝલના છંદ શીખવ્યા હતા. અભિનેતા પરેશ રાવલે નવોદિત કલાકારોને 'મહેનત.. મહેનત અને માત્ર મહેનત' સૂત્ર આપીને તાલીમ આપી હતી. પરેશ રાવલની ગોષ્ઠિ દરમ્યાન કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર, કુલસચિવશ્રી પ્રા. જે.આર. મહેતા વગેરે ઉપસ્થિત રહયા હતા. ફિલ્મ ડિરેકટર શ્રી સંજય છેલે તાલીમ દરમ્યાન જણાવ્યું હતું કે, રાઈટીંગથી વ્યકિતત્વનો વિકાસ થાય છે. આ કાર્યક્રમ દરમ્યાન આસિત અને હેમા દેસાઈએ સુગમ સંગીતની તાલીમ વિદ્યાર્થીઓને આપી હતી. હેમા દેસાઈએ જણાવ્યું હતું કે, સંગીતથી ટેન્શન દૂર થાય છે. એના વડે વ્યકિત પોતાના માટે ટાઈમ વિતાવી શકે છે. જો તમે મ્યુઝિકને સમજી શકો તો તમે સારી રીતે લખી શકો છો. શ્રી માર્કન્ડ ભટ્ટે જણાવ્યું હતું કે, ડ્રામા અને એકટિંગથી આત્મવિશ્વાસ વધે છે. કઈ રીતે કયાં શું બોલવું એ શીખી શકાય છે. એટલે રોજેરોજ અને પળેપળ નાટક વ્યકિતને કામ આવે છે.

આ શિબિર અંગે પ્રતિભાવ આપતાં કલાસિકલ ડાન્સર અને વિદ્યાર્થી મનાલી નાતાલી કહે છે કે ' અમારા જેવા નવોદિત આર્ટિસ્ટસ મોટે આવો વર્કશોપ ખૂબ જ મહત્વનો રહે છે. પાંચ દિવસની ટ્રેનિંગમાં બધુ શીખી શકાય નહિ પણ એક દિશા ચોકકસ મળે છે.' તબલાવાદક અને વિદ્યાર્થી અભિજ્ઞ શાસ્ત્રી કહે છે કે ' હું તબલામાં યુનિવર્સિટી ફર્સ્ટ છું. પહેલીવાર આટલા મોટા દિગ્ગજ કલાકારો પાસેથી શીખવા મળે તે જ મારા માટે આનંદની વાત છે.' કલાકાર અને વિદ્યાર્થી વૈભવ દેસાઈ કહે છે કે 'યુનિવર્સિટીમાં જ જો અમને આવી તક મળે એ મારા જેવા કલાકારો માટે ખૂબ જ મોટી વાત છે. મને મારા ગુરુજનો પાસેથી સીધું જ્ઞાન મળશે.' ડાન્સર અને સ્ટુડન્ટ પ્રીતિ બારિયા કહે છે કે 'જાણીતા કલાકારો અમારા ટીચર બને એ અમારા માટે ખૂબ જ મોટી ઉપલબ્ધિ છે. તેમની પાસેથી મને ઘણું શીખવા મળશે. હું મારું લક્ષ્ય નકકી કરીશ.'

તા. ૧૧-૬-૨૦૧૨ થી ૧૬-૬-૨૦૧૨ સુધીનો સર્જનાત્મકતાનો ઉત્સવ તા. ૧૬-૬-૨૦૧૨ના રોજ સંપન્ન થયો હતો. સાહિત્યકાર ભગવતીકુમાર શર્માની અધ્યક્ષતામાં સમાપન કાર્યક્રમનું આયોજન થયું હતું. નાટયની તાલીમ મેળવનારા વિદ્યાર્થીઓએ 'સેવ વોટર' નાટક રજૂ કર્યું હતું. સંગીતની તાલીમ મેળવનારા વિદ્યાર્થીઓએ પ્રાર્થના, સાહિત્યધારાની વિદ્યાર્થીઓને કાવ્યપઠન અને નૃત્યધારાના વિદ્યાર્થીઓએ ભરતનાટયમ, ડાંગી નૃત્ય અને ગરબા રજૂ કર્યા હતા અને પેઈન્ટિંગની તાલીમ મેળવનારા વિદ્યાર્થીઓએ એક પેઈન્ટિંગની તૈયાર કરીને યુનિવર્સિટીને ભેટ આપ્યું હતું.



ઉદ્ઘાટન સમારંભ - ઉદ્ઘાટકશ્રી પુરુષોત્તમ ઉપાધ્યાય,
અતિથિ વિશેષ - ડૉ. ઉપેન્દ્ર ત્રિવેદી,
કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર અને શ્રી આનંદ ભટ્ટ




કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરના ગ્રંથનું વિમોચન




સંગીત કાર્યક્રમ : શ્રી પુરુષોત્તમ ઉપાધ્યાય



નાટય પ્રશિક્ષણ : શ્રી પરેશ રાવળ



નાટય પ્રશિક્ષણ : શ્રી માર્કન્ડ ભટ્ટ




સંગીત પ્રશિક્ષણ : શ્રી અનંત વ્યાસ



નાટય પ્રશિક્ષણ : શ્રી પ્રવીણ સોલંકી



લેખન પ્રશિક્ષણ : શ્રી સંજય છેલ



નાટય પ્રશિક્ષણ : ડૉ. સિતાંશુ યશશ્ચંદ્ર



લેખન પ્રશિક્ષણ : શ્રી નયન દેસાઈ




સંગીત પ્રશિક્ષણ : ડૉ. પુરુષોત્તમ ઉપાધ્યાય,
શ્રી નયનેશ જાની




લેખન પ્રશિક્ષણ : શ્રી રાજેશ વ્યાસ



નૃત્ય પ્રશિક્ષણ : શ્રી રમા શ્રીકાંત



પૂર્ણાહૂતિ : ડૉ. ભગવતીકુમાર શર્મા અને
કુલસચિવશ્રી પ્રા. જે.આર. મહેતા



ચિત્ર પ્રશિક્ષણ : શ્રી જયંત પરીખ





પૂર્ણાહૂતિ : શ્રી વેદાન્ત પંડ્યા (કે.સી.જી.)



શ્રી આશીત દેસાઈ
શ્રીમતી હેમા દેસાઈ



પૂર્ણાહૂતિ : પ્રાર્થના-ગીત



પૂર્ણાહૂતિ : નૃત્ય

# કોલેજ ન્યૂઝ

## મુલાકાત



સાર્વજનિક કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી, સુરતના ફેકલ્ટી ઓફ આર્કીટેકચરના વિદ્યાર્થીઓએ સ્પેનની મુલાકાત લીધી હતી. જેમાં એન્ટોની ગૌડીના સ્ટ્રકચરોવાળા પાર્ક ગુએના શહેર, સાગરાડા ફેમિલિયા ચર્ચ, પાર્ક ઝુએલા, કાસામીલા બિલ્ડીંગ, કલાત્રાવાનું ટાવર, વેલેન્સીયાનું સીટી ઓફ આર્ટસ અને સાયન્સ ઓસનોગ્રાફીક એકવેરીયમ, ઓપેરા અને સસ્પેન્સન બ્રીજનો અભ્યાસ કર્યો અને સ્પેનીશ મુસ્લિમ આર્ટ, કોર્ડોબાનું ડોકયુમેન્ટેશન કર્યું હતું. તદ્‌પરાંત મેડ્રીડનું ગવર્નમેન્ટ બિઝનેસ બિલ્ડીંગ, એનર્જી, એફિસીયન્ટ એરપોર્ટ, બિલબાઉ શહેર, ગુગેન્હામ મ્યુઝિયમની મુલાકાત લેવામાં આવી હતી. પ્રો. પર્સી એન્જિનીયરે આ અંગે વધુમાં જણાવ્યું હતું કે, ચોકકસ ટેકસબુકો ન ધરાવતા આર્કિટેકચરના અભ્યાસક્રમમાં ટ્રાવેલીંગ, નિરીક્ષણ અને જુદા જુદા સ્ટ્રકચરોની સ્વયં મુલાકાત અને સમજ જ્ઞાન મેળવવાની મુખ્ય રીતો છે. સોસાયટીના ચેરમેનશ્રી આર. જી. શાહ, વાઈસ ચેરમેન શ્રી કશ્યપ મહેતા તથા આર્કિ. વર્કિંગ કમિટિના ચેરમેનશ્રી રૂપીનભાઈએ આ કાર્યક્રમમાં સહકાર અને પ્રોત્સાહન આપ્યું હતું.

## સત્રારંભ

સાર્વજનિક એજયુકેશન સોસાયટી સંચાલિત, વી.ટી. ચોકસી સાર્વજનિક કોલેજ ઓફ એજયુકેશનના શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૨૦૧૩ના પ્રારંભે શેઠ પી.ટી. સાયન્સ કોલેજના પૂર્વ પ્રાચાર્યા ડૉ. કુસુમબેન દેસાઈના વરદ્ હસ્તે દીપ પ્રાગટય વિધિ યોજવામાં આવી હતી. શ્રીમતિ દેસાઈએ શિક્ષકના ધર્મ વિષે પોતાના અનુભવો ટાંકીને તાલીમાર્થીઓને આદર્શ શિક્ષક બનવાનો અનુરોધ કરી તેમને શુભેચ્છા વાંચ્છી હતી. પ્રિ. વિનોદ પટેલે આવકાર પ્રવચન કર્યું હતું. અને ડૉ. કિશોર દેસાઈએ આભાર વિધિ કરી હતી.


બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીના વર્ષ ૨૦૧૨-૧૩નો સત્રારંભ કાર્યક્રમ શ્રીમતી નિરંજનાબેન કલાર્થીના અધ્યક્ષપદે યોજવામાં આવ્યો હતો. કાર્યકારી આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલે આમંત્રિત મહેમાનોને આવકાર્યા હતા. આ પ્રસંગે ઉપપ્રમુખશ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી, એસ.જે. પટેલ સાર્વ. મહિલા પી.ટી.સી. કોલેજના પ્રિન્સીપાલ શૈલાબેન ટંડેલ, એમ.બી.એમ. કોન્વેન્ટ હાઈસ્કૂલના પ્રિન્સીપાલ દર્શનાબેન ધીમરે પ્રાસંગિક પ્રવચન અને શ્રીમતી નિરંજનાબેન કલાર્થીએ અધ્યક્ષીય પ્રવચન રજૂ કર્યું હતું. આ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ પટેલ ઉપસ્થિત રહયા હતા. આભારવિધિ પ્રા. ઉમેશભાઈ પટેલે કરી હતી.

## અધિવેશન

જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોલેજ, અમરોલી મુકામે તા. ૧૭-૬-૨૦૧૨ના રોજ યુનિ. વિસ્તારના એકાઉન્ટન્સી, કોમર્સ અને મેનેજમેન્ટ વિષયના અધ્યાપકોનો એક દિવસીય સેમિનાર યોજાયો. જેમાં. પૂર્વ કુલપતિશ્રી શ્રી પ્રેમકુમાર શારદા, ડીનશ્રી ડૉ. રેણુકા ગર્ગ, પ્રિ. ડૉ. ડી.એ. પટેલ, પૂર્વ આચાર્યશ્રી ડૉ. યુ.ટી. દેસાઈ, પ્રિ. જે.બી. શાહ, પ્રિ. ડૉ. વી.એન. પટેલ, ચાર્ટર્ડ એકાઉન્ટ હિરેન વેપારી, ટ્રસ્ટ મંત્રીશ્રી અશ્વિનભાઈ આર. પટેલ, આચાર્યશ્રી ડૉ. કે.એન. ચાવડાના વરદ્‌હસ્તે દિપપ્રાગટય કરી સેમિનાર ખુલ્લો મુકાયો હતો, જેમાં નિવૃત્ત આચાર્યો, અધ્યાપકો અને તેજસ્વી અધ્યાપકોને નેટ-સ્લેટ, એમ.ફીલ, પીએચ.ડી. પદવી પ્રાપ્ત કરવા બદલ સર્ટિફિકેટ, મોમેન્ટો બુકસ દ્વારા સન્માન કરવામાં આવ્યું. પૂર્વ કુલપતિશ્રી શ્રી પ્રેમકુમારે મુખ્ય મહેમાન પદેથી શિક્ષણને સમાજમાં વ્યવહારૂ ઉપયોગી બનાવવા શિક્ષક, વિદ્યાર્થી અને સમાજને વિશ્વનો મહાન ગ્રંથ ગીતાના ૧૪માં અધ્યાયનો શ્લોક રજૂ કરીને તાદામ્ય કેળવવા ભાર મૂકયો. ડીનશ્રી ડૉ. રેણુકાજીએ પ્રેરણા, પ્રોત્સાહન માટેની કેટલીક ટેકનિકો રજૂ કરીને વિષયના કન્ટેન્ટને રસપ્રદ બનાવવા આપીલ કરી. સુરતના કોર્પોરેટર શ્રી અશ્વિનભાઈએ શિક્ષણ જગતમાં વધુને વધુ સેવા કરીને પૂણ્ય કમાઈ શકાય છે એવો કોલેજ મેનેજમેન્ટનો ખ્યાલ સમજાવ્યો. શ્રી હિરેન વેપારીએ સેમિનારમાં ''રિસેન્ટ ટેડ ઈન એકાઉન્ટીંગ, કોમર્સ અને મેનેજમેન્ટ'' વિષય પર પ્રેઝન્ટેશન રજૂ કર્યું. ડૉ. વિનોદ પટેલે ''ઈફેકટ ઈન ઈન્ટરનેશનલ ફિનાન્સ રિપોર્ટ સ્ટાન્ડર્ડ'' ઓન ઈન્વેસ્ટર્સ વિષય પર પ્રતિનિધિ પ્રા. મહેશ ત્રિવેદી દ્વારા, ''ઈરેટીંગ ઈન ઈન્ડિયા'', વિષય પર ડૉ. હોરમેઝ ડી. પટેલે સેમિસ્ટર પધ્ધતિ, કે.સી.જી.ના વલણો, એન.એસ.એસ., એન.સી.સી., સ્પોર્ટસ અને હેલ્થકાર્ડની બાબતોની ૬૦૦ એમ.બી.ની માહિતી ધરાવતી વ્યકિતગત ફાઈલ સાથેની સી.ડી. એનાયત કરવામાં આવી. આચાર્યશ્રી ડૉ. કે.એન. ચાવડા, સુરત વાડીયા કોલેજના પ્રા. બી.બી. ભંડારી, માંડવી કોલેજના ઉપાચાર્ય ડૉ. જે.આઈ. શાહ અને કોલેજની ટીમ દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન, આભારવિધિ વાપી કોલેજના પ્રા. એસ. યુ. દરૂ દ્વારા સંપન્ન કરવામાં આવી.

## પ્રકાશન

કોલેજ ઓફ એજયુકેશન, ખરોડ (જિ. ભરૂચ)ના આચાર્યશ્રી ડૉ. પ્રફુલ્લસિંહ રાજનું પુસ્તક ''પ્રશિક્ષણના પંથે'' મૂલ્ય રૂા. ૧૦૦.૦૦, તા. ૧૯-૨-૨૦૧૨ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. જેમાં શિક્ષણ સંબંધિત ૨૨ લેખો સમાવેશ પામે છે.



અભિનવ. (કોલેજનું મુખપત્ર) વર્ષ ૨૦૧૧-૧૨ અભિનવ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત વિવેકાનંદ કોલેજ (બી.સી.એ., બી.કોમ., બી.બી.એ., બી.એડ્., પી.ટી.સી.) સંપાદક : ડૉ. દિલીપભાઈ એચ. પટેલ, પ્રા. વલ્લભભાઈ આર. ઠંઠ, પ્રા. તેજલબેન બી. રાણા, ડૉ. પત્રલેખાબેન એ. બારડ. પ્રકાશક : શ્રીમતિ નીમા વી. જોશી (ટ્રસ્ટી).

# વાચન વિશેષ

## પુસ્તક પરિચય

**સ્મૃતિ અને સંસ્કૃતિ : રાજરત્ન શ્રી નાનજી કાલિદાસ મહેતા સ્મૃતિગ્રંથ. પ્રથમ ખંડ.** પોરબંદર, રાજરત્ન શ્રી નાનજી કાલિદાસ મહેતા સ્મૃતિગ્રંથ સંપાદન સમિતિ, માર્ગશીર્ષ, ૨૦૨૮. પૃ. ૬૧૪.

વીસમી સદીનો આરંભ એ વિશ્વના મહાજનોના પ્રાકટયનો કાળ ગણાયો છે. વૈદિક આદર્શ અને વૈદિક સંસ્કારના પ્રથમ પ્રહરી તરીકે અર્વાચીનોમાં આદ્ય, ઋષિવર સમા સ્વામી દયાનંદજીનો વેદ-ટંકાર સંભળાતો હતો, તો બીજી બાજુ પૂજ્ય મહાત્મા ગાંધીજી જેવી પરમ વિભૂતિના પ્રાકટયનું વિધાતા શુભ મુહૂર્ત લખી રહી હતી. ભારતની સાંસ્કૃતિક અને રાજકીય પરાધીનતા અસ્તિત્વના છેલ્લે ત્રાજવે તોળાઈ હતી. આ ઉષઃકાળે શ્રી નાનજીભાઈએ પોતાનો પુરુષાર્થ આદર્યો અને પોતાના કર્મયોગથી, દાનશીલતાથી, તેમજ સમાજ, ધર્મ, શિક્ષણ અને સંસ્કૃતિની કરેલી સેવાથી તેઓ વ્યકિતમાંથી વ્યકિતવિશેષ, અને વ્યકિતવિશેષમાંથી સમષ્ટિના માનાર્હ પુરુષ બની ગયા. શ્રી નાનજીભાઈના સાહસ, શૌર્ય, વિચક્ષણતા, અર્પણવૃત્તિ અને સેવાભાવનાથી તેઓ એક સફળ ઉદ્યોગપતિ અને સંસ્કૃતિસેવક બની ગયા અને સ્વકીય આત્મતેજથી આફ્રિકા અને ભારતનાં અનેક ક્ષેત્રોને તેમણે ભિન્ન ભિન્ન રીતે અજવાળ્યાં.

સમગ્ર ગ્રંથને છ મુખ્ય વિભાગોમાં વહેંચી નાખવામાં આવેલ છે. પ્રથમ વિભાગ જીવન-વિભાગ છે અને તેમાં સ્મૃતિનાયકના જીવનનો પ્રેરક સંક્ષેપ આપેલો છે. બીજો વિભાગ સંવેદન વિભાગ, જેમાં ચરિત્રનાયકના નિધન પ્રસંગે જે શોકોર્મિઓ વ્યકત થયેલી તેમાંથી પ્રતિનિધિ રૂપ ઉર્મિ-વિશેષોને સંકલન કરવામાં આવેલ છે. ત્રીજો વિભાગ સંસ્મરણ-વિભાગનો છે. તેમાં ભિન્ન ભિન્ન ક્ષેત્રના પુરુષોનાં શ્રી નાનજીભાઈ વિષેના અનુભવ-સંસ્મરણો સંગૃહિત છે. સંસ્મરણ-વિભાગ પછી આવે છે. બૃહદ સંસ્કૃતિ વિભાગ : જે અનેક ઉપવિભાગોમાં વિભાજીત થઈ સંસ્કૃતિ, શિક્ષણ, ધર્મ, તત્વજ્ઞાન, ઈતિહાસ, પુરાતત્વ, શિલ્પ, સ્થાપત્ય, ચિત્રકળા, નૃત્ય, નાટય, સંગીત, સાહિત્ય, વિવેચન પ્રકૃતિ, પ્રવાસ, આયુર્વેદ વગેરેમાં વિસ્તૃત થઈ, સંસ્કૃતિનાં જુદા જુદા પાસાંઓને આલેખે છે. સંસ્કૃતિ વિભાગ પછી સર્જન અને પ્રદાનનો વિભાગ આવે છે. તેમાં શ્રી નાનજીભાઈએ સર્જેલી, પોષેલી અને પ્રેરેલી સંસ્થાઓનો ઐતિહાસિક ઉલ્લેખ આવે છે. છેલ્લે 'ધ્વનિ પ્રતિધ્વનિ' વિભાગમાં શ્રી નાનજીભાઈનાં જીવનપ્રસંગોની સંપૂર્ણ સૂચિ આપી છે.

આ ગ્રંથને પૂર્ણ કરવામાં વિદ્વાનોએ, નિષ્ણાતોએ, સાક્ષરોએ અને પોતપોતાના વિશિષ્ટ ક્ષેત્રના અભ્યાસીઓએ પ્રદાન આપ્યું છે. આ ગ્રંથનાં ત્રિરંગી ચિત્રો શ્રી બચુભાઈ રાવતે પ્રસ્તુત કરેલ છે. જેમાં ગુજરાતના પ્રતિનિધિ ચિત્રકારોનાં ચિત્રો પ્રસ્તુત થયેલ છે.

આ ગ્રંથમાં 'શિક્ષણ' સંબંધિત ગજરાતી લેખોમાં (૧) સર્વાંગીણ શિક્ષણના પુરસ્કર્તા : સર સયાજીરાવ ગાયકવાડ (લેખક : ડૉ. મંજુલાલ મજમુદાર), (૨) થિયોસોફી અને શિક્ષણ (લેખક : હરજીવનદાસ મહેતા), (૩) ગુજરાત વિદ્યાપીઠનું રાષ્ટ્રને પ્રદાન (લેખક : મોહનભાઈ પટેલ), (૪) ગુજરાતના સાંસ્કૃતિક ઘડતરમાં દક્ષિણામૂર્તિનો ફાળો (લેખક : હરભાઈ ત્રિવેદી), (૫) શિક્ષકનું માન અને પ્રદાન (લેખક : પુરુષોત્તમ માવલંકર), (૬) ઉચ્ચશિક્ષણનો નવો અભિગમ (લેખક : હરસુખભાઈ સંઘવી), (૭) આધુનિક શિક્ષણ અને અંગ્રેજી ભાષા (લેખક : અમૃતલાલ યાજ્ઞિક), (૮) સાચી કેળવણી (લેખક : રમણ વકીલ), ફર્ગ્યુસન કોલેજનું રાષ્ટ્રને પ્રદાન (લેખક : શશિન ઓઝા), (૯) એક નવી ક્રાંતિના પગરણ (લેખક : નલિનાક્ષ પંડયા) તથા હિન્દી ભાષામાં પંદર લેખો સમાવેશ પામે છે.

આ ગ્રંથ સિવાય (૧) નોખા મહાજન : શ્રી રિખવદાસ જે. શાહ સ્મૃતિગ્રંથ, (૨) અનોખા શિક્ષણકાર-સમાજરત્ન શ્રી વાઘજીભાઈ નાથુસિંહજી સોલંકી સ્મૃતિગ્રંથ, (૩) સંદર્ભગ્રંથો અને ગ્રંથસંસ્કૃતિ : શ્રી પ્રહલાદભાઈ ટી. પટેલ સ્મૃતિપર્વ અને સમૃતિગ્રંથ. (૪) શ્રી દયાળજીભાઈ સ્મૃતિગ્રંથ, (૫) સંસ્કારશિક્ષક શ્રી કરુણાશંકર શતાબ્દી સ્મારક ગ્રંથ, (૬) મયાજી અભિનંદન ગ્રંથ, (૭) મોહનલાલ પટેલ અમૃતપર્વ, (૮) ઊંચું ધ્યેય અને પ્રચંડ પુરુષાર્થ : પ્રો. ડી.જી. વશી અભિનંદન ગ્રંથ, (૯) શ્રી આશાભાઈ પટેલ ષષ્ટિ પૂર્તિ મહોત્સવ અભિનંદન ગ્રંથ, (૧૦) વૈદરાજ બાપાલાલ ષષ્ટિપૂર્તિ ગૌરવ ગ્રંથ, (૧૧) સ્વ. કંચનલાલ મામાવાળા સ્મૃતિ ગ્રંથ, (૧૨) શીખર કી ઔર : શ્રી માતાપ્રસાદ અભિનંદન ગ્રંથ, (૧૩) શ્રી કે.કા. શસ્ત્રી અમૃતમહોત્સવ અભિનંદન ગ્રંથ, (૧૪) દી.બ. નર્મદાશંકર મહેતા સ્મારક ગ્રંથ, (૧૫) પદમવિભૂષણ પં.કુંજીલાલ દુબે સ્મૃતિ ગ્રંથ, (૧૬) શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ ષષ્ટિપૂર્તિ અભિનંદન ગ્રંથ, (૧૭) ઉપાયન : શ્રી વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી ષષ્ટિપૂતિ અભિનંદન ગ્રંથ, (૧૮) સ્મૃતિપર્વ : જગદીશ જોષી-વિશેષ, (૧૯) સુન્દરમ એટલે સુન્દરમ સ્મૃતિ ગ્રંથ (૨૦) ઉત્તર ગુજરાતનું અનોખું મોતી શ્રી મોતીભાઈ ચૌધરી અભિવાદન ગ્રંથ અને (૨૧) મહાન ક્રાંતિકારી પંડિત પરમાનંદ અભિનંદન ગ્રંથ યુનિવર્સિટી ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે.

ડૉ. બી.જે. અંકુયા, ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન

## વિજ્ઞપ્તિ

સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને સાદર જણાવવાનું કે, કોલેજના અદ્યતન સમાચાર 'દક્ષિણાયન'માં પ્રગટ કરવા માટે

ડૉ. બી.જે. અંકુયા

તંત્રી, 'દક્ષિણાયન'

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય,

ઉધના-મગદલ્લા રોડ, સુરત-૩૯૫૦૦૭ને મોકલી આપવા વિનંતી.

VNSGU
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**

Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : Dr. B J Ankuya, Assistant Librarian**

**Published by : J R Mehta, Registrar**

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com